# પ્રમુખ શતાબ્દી વંદના

બ્રહ્મસ્વરૂપ પ્રમુખસ્વામી મહારાજ શતાબ્દી મહોત્સવ ઉપક્રમે પ્રકાશિત
સંતોના કંઠે ગવાયેલાં તેમનાં નૂતન ભજનોનું ઓડિયો આલ્બમ

## મંગલાચરણ

જેણે જાત ઘસી સદાય વિચરી, કીધું ભલું વિશ્વનું
જેણે મંદિર સંત શાસ્ત્ર રચીને, કલ્યાણ સૌનું કર્યું;
જેણે રાજ કર્યું દિલે સકલના, શોભે ગુણો સંતના,
ભાવે જન્મશતાબ્દીએ પ્રમુખજી, ગાઈ કરું વંદના.

કવિઃ સાધુ મધુરવદનદાસ

ગાયકોઃ સાધુ સારંગકીર્તનદાસ, ભાર્ગવ ભગત, સાધુ કેશવકીર્તનદાસ, સાધુ ગુરુદર્શનદાસ, સાધુ મધુરવદનદાસ

# હે પ્રમુખસ્વામી રહે હૃદયમાં

હે પ્રમુખસ્વામી રહે હૃદયમાં અખંડ સ્મૃતિ આપની
ન ભુલાય અંતરથી કદી એ દિવ્યમૂર્તિ આપની....હે પ્રમુખસ્વામી... ટેક

અવની ઉપર અગણિત છે, આકૃતિઓ કુદરત તણી
અંકાય એક જ અંતરે ,અલૌકિક કૃતિ આપની...હે પ્રમુખસ્વામી... (૧)

છે બંધનો બળવાન અતિશય, મોહને માયા તણાં
એ બંધનો સઘળાં છૂટે, તૂટે ન પ્રીતિ આપની...હે પ્રમુખસ્વામી... (૨)

રહે જીવમાંહી અપૂર્ણતા, સાધન ઘણાં કરવા છતાં,
કૃતાર્થ થાવા કાજ બસ, દૃષ્ટિ છે પૂરતી આપની...હે પ્રમુખસ્વામી... (૩)

ઉરમાં ઊઠે ઊર્મિ અગમ, સ્નેહલ સ્મરણ છે આપનું,
વનમાળીદાસ વદે સ્તુતિ, હૃદયથી ગુરુ આપની...હે પ્રમુખસ્વામી... (૪)

કવિઃ શ્રીવનમાળીદાસ

ગાયકોઃ સાધુ મધુરવદનદાસ, સાધુ મધુરકીર્તનદાસ અને ગાયકવૃંદ

# લાગી રે લગન મને સ્વામી તારા નામની

લાગી રે લગન મને સ્વામી તારા નામની,
સ્વામી તારા નામની રે સહજાનંદ નામની…ટેક

ભટક્યો’તો ભવરણમાંહી, જન્મોનો થાક્યો પાક્યો ;
વસમી એ વાટે તું તો, વડલો થઈ માથે ઝૂક્યો ,
વહેતી દીઠી રે વાટું અક્ષરધામની …લાગી રે લગન ૧

જુગજુગનો ખાવિંદ મળતાં, માં’યલો મારો જાગ્યો,
માયાની સામે આજે, જીતનો રે ડંકો વાગ્યો ;
મૂર્તિ વસી રે હૈયે શ્રીઘનશ્યામની …લાગી રે લગન ૨

સ્વામી તવ પ્રેમલ સ્પર્શે, હેતના હિંડોળે ઝૂલ્યો ,
સ્વામી તવ શરણે જાતાં, મુક્તિનો મારગ ખૂલ્યો;
અહોનિશ રટના મારે પ્રમુખસ્વામી નામની …લાગી રે લગન ૩

કવિઃ શ્રીઈન્દ્રજિત ચૌધરી

ગાયકઃ સાધુ યોગીપ્રેમદાસ અને ગાયકવૃંદ

# ઘડી ના વિસારું તને

ઘડી ના વિસારું તને પલ પલ સંભારું
મારા પ્રમુખસ્વામી તારું નામ,
ઠરવાનું છે મારે ઠામ... ટેક

કૃપા કરીને તેં અમને સ્વીકાર્યા,ભાગ્ય અમારાં એ જ,
જંપ્યાં પંખીડાં અમે તારી ઘટામાં, આપી અલૌકિક સેજ,
ડગલે ને પગલે પરિમલ ભરી, જીવનનું પૂર્ણવિરામ,
મારા પ્રમુખસ્વામી તારું નામ, ઠરવાનું છે મારે ઠામ...૧

તુજ પ્રાપ્તિનો હૈયે હરખ ભર્યો છે, જન્મારો સફળ કર્યો છે,
ડૂબતો રહું સદા તારી લગનમાં, પ્રગટ મળ્યા ઘનશ્યામ,
મારા  પ્રમુખસ્વામી તારું નામ, ઠરવાનું છે મારે ઠામ... ૨

ભટકતી નૈયાને મળ્યો છે કિનારો, પામ્યો અવિચળ સ્થાન,
તારા સંગાથમાં એવું તે શું છે, ભૂલું જગતનું ભાન,
પલ પલ આ જીવન જીવું હું તુજમય, હૈયે ભરી છે એવી હામ… ૩
ઘડી ના વિસારું તને પલ પલ સંભારું…

કવિઃ શ્રીઇન્દ્રજિત ચૌધરી

ગાયકઃ સાધુ ગુરુકીર્તનદાસ

# પ્રમુખસ્વામીના પાવનકારી ગુણલા

પ્રમુખસ્વામીના પાવનકારી ગુણલા અપરંપાર,
પ્રીતમ જ્યાં જ્યાં પાવ ધરે ત્યાં, આનંદ ઊભરે અપાર.. ટેક

પ્રીતમ આવ્યાની ખબર પડે ને શેરી સજે શણગાર,
ઝૂમી રહે માનવનાં મનડાં, કરતાં જયજયકાર…પ્રમુખ ૧

પગલે પગલે પ્રમુખસ્વામીએ ધર્મના દીપ જલાવ્યા,
મહેલે ઝૂંપડે ઘર ઘર ઘૂમી ભક્તિભાવ જગાવ્યા,
સહજાનંદી ભગવા રંગે, વિશ્વ સકલ રંગનાર...પ્રમુખ ૨

જેના સ્મરણમાં છે પરમાનંદ, મંગલમય છે સ્વામી,
ભક્તિભીનું હૃદિયું એનું, શ્રીજીમય છે સ્વામી,
જીવનધન સ્વામી  છે અમારા, મોક્ષ તણા દાતાર...પ્રમુખ ૩

નગર નગરના રાજવીઓએ સ્વામીને હોંશે વધાવ્યા,
વિશ્વવંદનીય  પ્રમુખસ્વામીને સંતોએ બિરદાવ્યા,
આ ધરણી પર પ્રમુખસ્વરૂપે શ્રીજી કરે ટહુકાર...પ્રમુખ ૪

કવિઃ શ્રીઈન્દ્રજિત ચૌધરી

ગાયકોઃ સાધુ સારંગકીર્તનદાસ, ભાર્ગવ ભગત અને ગાયકવૃંદ

# વા’લી લાગે તમારી વાણી

વા’લી લાગે તમારી વાણી પ્રમુખજી, પ્યારી લાગે તમારી વાણી,

મીઠી લાગે તમારી વાણી…વા’લી લાગે.. ટેક

પરાવાણી પ્રગટ બ્રહ્મસ્વરૂપની વેદ પુરાણે વખાણી,

હે .. અક્ષર પર પુરુષોત્તમ પરખાણા,

તે મહીં વૃત્તિ જડાણી પ્રમુખજી… વા’લી લાગે… ૧

દિવ્ય અલૌકિક વાણી સંજીવની, ટળે ચોરાશીની ખાણી

હે .. વાણી સુણી વશ થયા વનમાળી

પ્રીત પ્રગટમાં બંધાણી પ્રમુખજી… વા’લી લાગે.. ૨

કવિઃ શ્રીવનમાળીદાસ

ગાયકઃ સાધુ શોભિતસ્વરૂપદાસ અને ગાયકવૃંદ

# મહિમા જેનો વેદ વખાણે

મહિમા જેનો વેદ વખાણે,
ગુણ વખાણે ગીતા, અવિરત વહેતી સંતસરિતા…ટેક

સૂકાં હૈયાં થાય હરિયાળાં, નંદનવન સમ લીલાં,
પોતે કષ્ટો સહી હંમેશાં, વહ્યા કરે પરહિતા ;
અવિરત વહેતી સંતસરિતા…૧

માયામાં ખરડાયેલ જીવો, શુદ્ધ કરતી જનેતા
જન્મોજનમનાં તરસ્યાં પ્રાણી, તૃપ્ત થાય જળ પીતાં ;
અવિરત વહેતી સંતસરિતા…૨

જીવનપંથે અટવાયેલાં અનેક જીવન-ઝરણાં
જીવનસાથી બની હંમેશાં વેગે કરતી વહેતાં ;
અવિરત વહેતી સંતસરિતા…૩

પ્રમુખસ્વામીના મહિમા કેરો પાર ન આવે કહેતાં
વનમાળી ગુરુહરિનાં ચરણે, ગુણની ગૂંથે કવિતા ;
અવિરત  વહેતી સંતસરિતા…૪

કવિઃ વનમાળીદાસ

ગાયકઃ સાધુ મધુરવદનદાસ અને ગાયકવૃંદ

# મેં તો દિલડાના રંગોને

મેં તો દિલડાના રંગોને ગીતે ઢોળ્યા,
આજ મને પ્રમુખજીનાં હેત મળ્યાં... ટેક

દોષ અમારા જોયા ન સ્વામી, ના જોયા અવગુણ ના કોઈ ખામી ;
મારાં જન્મોજનમનાં ભાગ્ય ખૂલ્યાં ...આજ મને (૧)

એનાં ચરણોની મેં તો ભક્તિ રે માંગી, ભવોભવની મારી ભાવટ ભાંગી;
એવા ભવતારણ મુજને નાવિક મળ્યા... આજ મને (૨)

શાંતિ મળે મુને એના ભજનમાં, આતમ ખોવાતો મારો એની લગનમાં;
એવા પ્રેમભીના મુજને પ્રીતમ મળ્યા...આજ મને (૩)

બ્રહ્મસ્વરૂપે સ્વામી અહોનિશ રહેતા, આતમનું જ્ઞાન એ સહેજમાં કહેતા;
એવા જ્ઞાનસ્વરૂપ મુને ગુરુજી મળ્યા... આજ મને (૪)

દર્શન કાજે 'ઈન્દ્ર' દેવો તરસતા, માનવતન ધરી ગુરુ-ચરણરજ ઈચ્છતા;
એવા ગુરુહરિ મુજને પ્રગટ મળ્યા... આજ મને (૫)

કવિઃ શ્રીઈન્દ્રજિત ચૌધરી

ગાયકઃ સાધુ કેશવકીર્તનદાસ અને ગાયકવૃંદ

# નેડલો લાગ્યો રે નારાયણસ્વરૂપ સાથે

નેડલો લાગ્યો રે નારાયણસ્વરૂપ સાથે,
હે... વા'લા છોડ્યો ન છૂટે કોઈ વાતે...નેડલો (ટેક)

સૂરજ ઊગ્યો સખી અખંડ સૌભાગ્યનો
હે... વા'લા સ્વામીએ હાથ મેલ્યો માથે... નેડલો (૧)

સુખની છોળ્યું સખી ઊછળે અંતરમાં
હે... વા'લા કરુણા કરી દીનાનાથે... નેડલો (૨)

હરખે નાચું સખી નાથ જ્યું નચાવે
હે... વા'લા જીવનદોરી સ્વામીને હાથે...નેડલો (૩)

વરવા જેવા સખી જોયા વનમાળી
હે... વા'લા સગપણ પ્રમુખસ્વામી સાથે... નેડલો (૪)

કવિઃ શ્રીવનમાળીદાસ

ગાયકોઃ સાધુ કમલનયનદાસ, સાધુ ભજનપ્રિયદાસ અને ગાયકવૃંદ

## આ દેહ કર્યો કુરબાન પ્રમુખજી

આ દેહ કર્યો કુરબાન પ્રમુખજી અમે તમારા પગલે,
એક રાજી કરવા તાન પ્રમુખજી ! આજ તમારા પગલે ! – ધ્રુવ

શાસ્ત્રીજી મહારાજે તમને ચાદર દિવ્ય ઓઢાડી,
આશિષ યોગીરાજ તણા લઈ નવખંડે વિસ્તારી,
કરી પ્રતિજ્ઞા હે સ્વામી ! કર્તવ્ય બજાવીશ મારું ,
તજી દેહની પરવા, અંતિમ શ્વાસ લગી એ ધારું ,
અક્ષરપુરુષોત્તમ ફૂલવાડી મઘમઘતી કરવાને…આ દેહ કર્યો (૧)

શક્તિ દેજો, ભક્તિ દેજો, આશિષ દેજો અમને,
બી.એ.પી.એસ.ના છીએ સમર્પિત, રાજી કરીએ તમને,
સત્સંગ અજવાળાં પાથરવા ઘરઘર જ્યોત જગવીએ,
મહિમા ને કર્તવ્ય યોગ વર્તનથી વાતો કરીએ,
સંપ, સુહૃદભાવ સત્સંગ સેવા અક્ષરધામ જવાને…આ દેહ કર્યો (૨)

ધર્મ - નિયમમાં અડગ રહું કર્તવ્ય મારું છે, સંસ્થાનો આદર્શ બનું કર્તવ્ય મારું છે,
સેવા - જવાબદારી લઉં કર્તવ્ય મારું છે, દાસ તણો હું દાસ થઉં કર્તવ્ય મારું છે,
ખમી ઘસાઈ નમ્ર બનું કર્તવ્ય મારું છે, અંતરમાં ગુરુ-વચન ધરું કર્તવ્ય મારું છે,
પ્રમુખસ્વામીને રાજી કરું કર્તવ્ય મારું છે, અક્ષરધામ નિશાન એક કર્તવ્ય મારું છે.

કવિઃ સાધુ અક્ષરજીવનદાસ

ગાયકઃ સાધુ ગુરુનયનદાસ અને ગાયકવૃંદ

# એવા પ્રમુખસ્વામી મહારાજ મુજને વા'લા રે

દોહોઃ પાપ પ્રજાળે પૂર્વનાં, લેખ પર મારે મેખ ,
ધન્ય આ નારાયણસ્વરૂપને, ધન્ય એનો ભગવો વેશ..

છંદઃ ધન્ય ધન્ય તવ દર્શન સ્પર્શન , ધન્ય મૂર્તિ પાવનકારી
ધન્ય ધન્ય જેથી અમ જીવન , ધન્ય સંગ તવ સુખકારી,
ધન્ય ધન્ય તવ હેતલ કરુણા , જાણે મળિયા અવતારી
ધન્ય ધન્ય ગુરુ પ્રમુખ સ્વામી , વાર વાર જઈએ વારી

એવા પ્રમુખસ્વામી મહારાજ મુજને વા'લા રે
કેમ વિસરું અંતરમાંય નૌતમ  ન્યારા રે ... ટેક

ભેટ્યા ભગવે વેષ ભગવાન મુજને વા'લા રે
શોભે નાસિકા લાલ નિશાન નૌતમ ન્યારા રે ...૧

બ્રહ્મતેજે ચમકે છે ભાલ મુજને વા'લા રે
રૂડી ચાલે છે ગજગતિ ચાલ નૌતમ ન્યારા રે ...૨

કરે અનંત ઉરમાં પ્રકાશ મુજને વા'લા રે
રહે નિર્લેપ જેમ આકાશ નૌતમ ન્યારા રે ...૩

દિવ્ય દર્શન મહાસુખદેણ મુજને વા'લા રે
વદે અમૃત સરીખાં વેણ નૌતમ ન્યારા રે ...૪

શોભે સદ્‌ગુણો સર્વે અનુપ મુજને વા'લા રે
કરે અનેક જીવ બ્રહ્મરૂપ નૌતમ ન્યારા રે ...૫

કહે વનમાળી પ્રાણ આધાર મુજને વા'લા રે
ગુરુ પરમ હિત કરનાર નૌતમ ન્યારા રે ...૬

કવિઃ શ્રીવનમાળીદાસ

ગાયકોઃ સાધુ ગુરુદર્શનદાસ, સાધુ પ્રણવમુનિદાસ અને ગાયકવૃંદ